

## તિલકા માઝી

વનવાસી છોકરો. ૧૭૫૦ માં ૧૧ફેબ્રુઆરીએ ભાગલપુર જિલ્લાના તિલકપુર ગામમાં જન્મ. બાળપણથી જ ક્રાંતિકારી વિચારોવાળો.તે સમયે અંગ્રેજ સરકારની સામંતશાહી અને દમનકારી પ્રવૃત્તિઓ ખૂબ જ વધી ગઈ હતી. તિલકા માઝી નામના આ અઢાર વર્ષના યુવાને આપણા દેશ અને તેના સંથાલ પરગણાના વિસ્તારમાંથી ક્રૂર અને અન્યાયી બ્રિટીશ સરકારને હાંકી કાઢવાનો નિર્ણય કર્યો અને અંગ્રેજોની સામંતશાહી વ્યવસ્થાની વિરુદ્ધ જાહેરમાં સંઘર્ષ કર્યો.

તિલકા માઝીએ અંગ્રેજ સરકાર વિરુદ્ધ મુંગેર, ભાગલપુર, તેમજ સંથાલ પરગણાના જંગલી પહાડી વિસ્તારોમાં છુપાઈને કેટલીય લડાઈઓ કરી. તેનાં અચાનક થતાં આક્રમણોથી હેરાન–પરેશાન થઈ બ્રિટીશ સેના સાથે મુખ્ય સરકારી અધિકારી કલીવલેન્ડ તેને પકડવા માટે આવ્યો. એકબાજુ અંગ્રેજ સૈન્ય બંદૂકો અને તોપોથી સજ્જ હતું તો બીજી બાજુ તિલકા માઝીની સેના પાસે હથિયારોમાં માત્ર ધનુષ્ય–બાણ હતાં, તો પણ તિલકા માઝીએ અંગ્રેજ સેનાને ખદેડી મૂકી હતી.

એક દિવસ જયારે કલીવ ઘોડા પર બેસીને જઈ રહ્યો હતો ત્યારે તિલકા માઝી પહેલેથી જ તાડના ઝાડ ઉપર ચઢી તેના પસાર થવાની રાહ જોઈ રહ્યો હતો. તેનું ધનુષ્ય અને બાણ તૈયાર હતાં. જેવો કલીવલેન્ડ તે ઝાડ નીચે આવ્યો તે જ સમયે તિલકા માઝીએ પોતાનું તીર છોડયું અને ક્ષણમાં જ તે તીર કલીવલેન્ડ ની છાતીમાં ઘૂસી ગયું. અંગ્રેજ જુલમગાર કલીવલેન્ડ તે જ જગ્યાએ પછડાયો અને તેનું મૃત્યુ થયું. આ બનાવથી અંગ્રેજ સરકારનો આક્રોશ વધી ગયો. તેણે કોઈપણ રીતે–મરેલો કે જીવતો–

તિલકા માઝીને પકડવાનો નિશ્ચય કર્યો. ખૂબ જ મોટી સેના સાથે અંગ્રેજ સરકારે ભાગલપુરના પહાડી વિસ્તારને ઘેરી લીધો. તિલકા માઝી અને તેના સાથીઓ ત્યાં જ છુપાયેલા હતા અને યુદ્ધની યોજના બનાવતા હતા. અંગ્રેજોના આ ઘેરા વિરુદ્ધ તેઓએ જોરદાર સંઘર્ષ કર્યો. આ યુદ્ધમાં તેના લગભગ ૩૦૦ સાથીદારો શહીદ થયા. જેમાં તિલકા માઝીના ચાર ભાઈઓ અને તેમની પત્નીઓનો પણ સમાવેશ થતો હતો.

છેલ્લે અંગ્રેજોની કપટનીતિ કામયાબ રહી. તેમણે તિલકા માઝીને દગાથી પકડી લીધો અને જેલમાં પૂરી દીધો. એટલું જ નહિ, તેઓએ તિલકા માઝી પર પાશવી જુલમ ગુજાર્યો. છેલ્લે તેને ભાગલપુરની ખુલ્લી સડક પર ઘસડીને લઈ જવાયો અને મૃતઃપ્રાય અવસ્થામાં તેને વડના ઝાડની ડાળીએ ઊંધો લટકાવી દીધો, જયાં સુધી તેનું પ્રાણ પંખેરૂ ઊડી ન ગયું.

અમર હુતાત્મા તિલકા માઝીએ ભાગલપુરમાં જે સ્થળે શહીદી વ્હોરી તે સ્થળનું નામ તિલકા માઝી ચૉક રાખવામાં આવ્યું છે અને તેમની વિશાળકાય પ્રતિમા આજે ત્યાં ઊભી છે, જે આજના ભારતીય યુવકોને હંમેશ પ્રેરણા આપતી રહેશે.

**અનંત શુકલ**